

સત્તા અને ધનની લાલચે વિશ્વાસ ટળી જાય છે,
ગમે તેવી હોય શ્રદ્ધા-આસ્થા સંબંધો છળી જાય છે,
મળી જાય છે ધૂળમાં જર-જમીન ના કાવાદાવામાં -
'લૈલા' હોય કે 'જયંતિલાલ' ધરતી ગળી જાય છે..

પહેલવાન,
ટીવી ના હનુમાન
થયા વિલીન..

નાખ્યો છે હાથ
મગરમચ્છ મૂખે -
દુખડિયા એ..

ચિંતન

ગુણાન્ભૂષયતે રૂપં શીલં ભૂષયતે કુલમ્ ।
સિધ્ધિ ર્ભૂષયતે વિદ્યા ભોગો ભૂષયતે ધનમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

રૂપ સૌંદર્યને કારણે સદ્‌ગુણોની શોભામાં ઓર વધારો દેખાય છે, જે પરિવારમાં શીલ સદાચાર હોય તે પરિવારની શોભા તો છે જ પણ કુળની શોભામાં પણ વધારો કરે છે. વિદ્યા મળવી કે વિદ્યાવાન હોવું એ શોભાયમાન જ છે પણ કોઇ પણ વિદ્યા દ્વારા સિધ્ધિ મળવી એ વિદ્યાની વિશેષ શોભા છે. ધન-સમૃધ્ધિ પ્રાપ્ત હોવાં એ સારું જ છે પણ તેની કંજૂસાઇ કરી સંગ્રહખોરી કરવી તદ્દન નકામું છે. જો ધનનો ભોગ-વિલાસ આનંદ ભોગવવામાં સાત્ત્વિક ઉપયોગ થાય તો એ ધન-સમૃધ્ધિની શોભામાં વધારો થાય છે.

માણસ ગુણવાન હોય અને નમ્ર-વિવેકી હોય પણ જીભ પર ઉધ્ધતાઇ અને મગજ પર ક્રોધની સવારી હોય એવા માણસના સદ્‌ગુણને કાલીમા લાગે છે સદ્‌ગુણ સાથે સૌંદર્યનું સંકલન એ સદ્‌ગુણોની શોભામાં વધારો કરે છે.

વિદ્યા પ્રાપ્ત હોય પણ એનો સમાજનાં ઉત્કર્ષ માટે ઉપયોગ ન થાય, સંશોધન દ્વારા જે વિદ્યા સમાજોપયોગી બને તો એ વિદ્યા શોભે છે.

ધન-સંપત્તિનો જનકલ્યાણ અને નિજાનંદ માટે સદુપયોગ થાય, 'કંજૂસાઇ'ને કારણે તેનો ઉપયોગ જ ન થાય તે યોગ્ય નથી.

સુવિચાર

- પરમાત્મા સર્વત્ર છે એ સત્ય-તથ્ય સ્વીકાર્યા પછી પણ આપણાં દૈનિક જીવનમાં આપણે જ એવું આચરણ કરીએ છીએ જાણે ઇશ્વર છે જ નહીં અને આપણને તો જોવા નવરો જ નથી- **ટાગોર**
- ઇશ્વર માત્ર કાશી-કાબામાં જ નથી એ દરેક ઘર અને કલેવરમાં છે - **ગાંધીજી**
- ઇશ્વર નરી આંખે જોઇ શકાતો નથી પરંતુ પવિત્ર મન, અખૂટ શ્રધ્ધા, અટલ વિશ્વાસ અને વિશુધ્ધ બુધ્ધિથી તે અનુભવી જરૂર શકાય છે - **ગાંધીજી**
- ઇશ્વર, આપણા હાથ ભરેલા છે એ નથી જોતો પણ ચોખ્ખા છે કે નહીં એ જરૂર જુએ છે- **ગિરધર**
- ઇશ્વર તમારે પક્ષે છે કે નહીં તેની ચિંતા છોડો પણ તમે ઇશ્વરને પક્ષે છો કે નહીં તેની ચિંતા કરો - **કબીર**
- ઇશ્વરે જે કંઇ આપ્યું છે એમાં સંતોષ માને તે શ્રીમંત અને આપેલું ઓછું લાગ્યાં કરે એ દરિદ્રી - **સુરદાસજી**
- જેને પ્રભુની કૃપા પર અનંત વિશ્વાસ તેના પર ઇશ્વરની અનંત કૃપાનો સતત વર્ષાદ થાય જ છે - **માતાજી**

બોધ કથા

જે ગરીબી જીવ્યા હોય, જાણી હોય અને અનુભવી હોય એમનાં આચરણમાં - સ્વભાવમાં કરકસર આપોઆપ આવી જ જાય છે. ચાંદીનો ચમચો મુખમાં જ લઇ જન્મ્યા હોય તેમને 'કરકસર' એટલે શું એની પણ સમજ હોતી નથી.

હેન્રી ફોર્ડ જયારે પણ અમેરિકાથી લંડન જતાં ત્યારે એક નિશ્ચિત હોટલમાં જ ઉતરતા. કંપનીના કામે કેટલીક વખત તેનો યુવાન પુત્ર પણ લંડન જતો અને એ જ હોટલમાં ઉતરતો.

ફરી એકવાર હેન્રી ફોર્ડ કામ અંગે લંડન ગયા અને એ હોટલમાં કાયમ 'બી' વર્ગમાં જ ઉતરતાં ત્યાં જ રૂમ માગ્યો. હોટલનો મેનેજર હવે પરિચિત થઇ ગયો હતો.

મેનેજરે ફોર્ડને કહ્યું, સાહેબ તમારો પુત્ર જયારે પણ કામ અંગે અહીં આવે છે ત્યારે તો 'એ' કક્ષાના રૂમમાં જ ઉતરે છે, તમે 'બી' કક્ષા કેમ માંગો છો?

હેન્રી ફોર્ડે સ્મિત સાથે જવાબ આપ્યો. જુઓ હું એક ગરીબ પિતાનો પુત્ર છું મારે એ રીતે રહેવું પડે, જયારે એ મોટા ઉદ્યોગપતિ હેન્રી ફોર્ડનો પુત્ર છે તેથી એણે તેની કક્ષા પ્રમાણે તો જરૂર રહેવું જ પડે ને?!

જવાબ સાંભળી મેનેજરનાં કપાળમાં ત્રિપુંડ તણાયાં.

આનંદ ઉત્સાહ એ તો કુદરત તરફથી જીવન સાધકને મળેલી સોનાની ખાણ છે, એને કૃપણતાથી ઢાંકી ન દો... આનંદ સુવર્ણ વહેંચવાથી વધશે...

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

રંગ રેલી જવો છે, ખેલ કંઇ ખેલી જવો છે,
જિંદગી જીવી જવાનો કીમિયો મેલી જવો છે.

યૌવનનો નિખાર આનંદ - ઉત્સાહથી આવી શકે. આનંદી યુવાનના હાથે અશક્યતાઓ શક્ય બની જતી હોય છે. ઉદાસીનતા કે ઐક્લ્ય યુવા દિલને ન શોભે. જેમ શરીરનું દુઃખ રોગનું લક્ષણ છે, તેમ મનની ખિન્નતા ઉદાસી દિલની બીમારીનું પરિણામ છે. રડસમ, ઢીલા-વીલા ચહેરાવાળા રડતાં - રડતાં કામ હાથમાં લે તો પરિણામે કિનારે આવેલ વહાણ ડૂબેની જેમ તેના પરિણામો પર અસર પડે છે.

એક ભાવગીતનાં શબ્દો છે;

"ઢીલાનું કામ નથી, વીલાનું કામ નથી,
ભક્તિ છે શૂરાની, રડતાનો રામ નથી."

જાણીતા ફિલસૂફ જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે; "પોતાને ભાગે આવેલું કામ દિલ રેડીને કરવું એનું નામ જ ભક્તિ." જીવન પણ એક ભક્તિ છે. શુભત્વની પ્રાપ્તિ માટે સાત્ત્વિક દૃષ્ટિથી કાર્ય ઉપાડવું પડે!!

દોસ્તો! વહી ગયેલી ક્ષણો કદીયે પાછી આવતી નથી. પ્રાપ્ત પળ - હાથમાં આવેલી ક્ષણને યાદગાર બનાવવી એ જ માનવ્યની ખૂબી છે. પ્રત્યેક પળને આનંદ - ઉલ્લાસથી ભરી દેવામાં મજા છે, જીવનની આગવી ફ્લશ્રુતિ છે. "જીવતા - શબ" ના પર્યાર બની જીવવામાં કશું વિશેષ નથી. જીવંત ધબકારા હોવાએ જ જીવતાં હોવાની ગવાહી છે. નીચોવેલો કપડાંની જેમ રસહીન - શુષ્કબની જીવવું એ તો માણસ હોવાની મજાક છે!

માત્ર બત્રીસ જ વર્ષનું આયખું ભોગવનાર સંસ્કૃતિ રક્ષક જગદ્‌ગુરુ શંકરાચાર્ય સમગ્ર દેશની પદયાત્રા કરી ચાર મઠોની સ્થાપના કરી સાથે સાથે સમગ્ર માનવજાતને કેટલુંયે ઉપકારક જીવનપોષખ ભાથું આપી ગયા. સ્વામી વિવેકાનંદ પણ માત્ર ૨૯ વર્ષની ઉંમરે વિશ્વ છોડી ગયા છતાં ત્રણ જન્મારામાં ન કરી શકાય એટલું વિરાટ કાર્ય પાર પાડી ગયા. દોસ્તો... રવીન્દ્રનાથ ઠાકુરે નોબેલ પારિતોષિક પ્રાપ્ત કર્યા પછી ૬૭ મે વર્ષે ચિત્રકલા શીખવાની શરૂઆત કરી અને સારી એવી પ્રગતિ કરી હતી. આ બધા મહાપુરૂષો જીવનમાં અપ્રતિમ સફળતાને જે સુગંધ મળી તે ઉત્સાહને આભારી છે.

આનંદ-ઉત્સાહ જ જીવન પોષક રસાયણ છે. ઉપનિષદોમાં કહેવાયું છે, "આનંદો વૈ બ્રહ્મ" આનંદી - ઉત્સાહી મનુષ્ય તો બ્રહ્મની નજીક છે. પ્રત્યેક કાર્યને છેડે આનંદ છે માટે આનંદના ભોગે કોઇ પણ કાર્ય ન કરશો. આનંદને હણીને કાર્ય કરવું એ તો નિષ્ફળતા ભણી દોટ છે. આનંદી - ઉત્સાહીને ઉંમરનું અવધાન કદી ન નડે. યૌવન એ તો માનસિક અવસ્થા છે. મન યુવાન હશે તો ઘરડાપણાનો સ્પર્શ નહીં થાય... ઇટાલીનો ડોજડેન્જેલો ૯૪ વર્ષની ઉંમરે યુધ્ધમાં ગયો અને વિજયી નીવડ્યો. સવાલો વર્ષની ઉંમરે પહોંચેલા ભિષ્મપિતામહે મહાભારતના યુધ્ધમાં પ્રથમ શંખનાદ કર્યો હતો. પ્લેટો ૮૧મે વર્ષે લખતાં લખતાં મૃત્યુ પામ્યા હતા.

અંધ કવિ મિલ્ટન, અંધ તેમજ બહેરાં - મૂંગાં હેલર - કેલરે જે અપ્રતિમ પ્રગતિ સાધી શકયા તેનો મૂળમાં આનંદ - ઉત્સાહ જ રહેલો છે. આનંદ ઉત્સાહ એ તો કુદરત તરફથી જીવન સાધકને મળેલી સોનાની ખાણ છે. એને કૃપણતાથી ઢાંકી ન દો... આનંદ સુવર્ણ વહેંચવાથી વધશે...

વ્હાલા દોસ્તો, સાધુના ઉપદેશ કરતાં તેનાં હોઠ પર રમતું પ્રસન્ન મધુર સ્મિત વધુ અસરકારક હોય છે. તેમ વ્યક્તિના અંગેઅંગમાથી નીતરતો આનંદ - ઉત્સાહ એ લાખો ગ્રંથો કરતાં એ તો જીવન યંત્રના ચક્રોમાં તેલ પૂરે છે. ઊંજણ છે... જેથી ઘસારો ઘટે અને વેગ વધે.

જીવનની માંગલ્ય ભરી યાત્રામાં આદર્શનું ભાથું બાંધીને ઉમંગી - ઉત્સાહી જીવન ભક્તોનું ટોળું જમાવીને ઉત્સાહનો ધ્વજ ફરકાવીને અન્યને શૂર ચડાવીને આપણે પંથે પડી માનવ્યને દીપાવીએ...

શણગારણી...!!

- : સ્પર્શમણિ : -

ગુસ્સો દબાવવાથી ગુસ્સો વધે. બંધ વાસણમાં વરાળ થાય ત્યારે દબાણ વધતું જાય. પછી ધડાકો કયારે થાય એ કહેવાય નહિ. એનાં કરતાં ઢાંકણ કાઢીએ, એટલે કે વાત કરીએ, હકીકત જણાવીએ, ઘટસ્ફોટ કરીએ, પછી પાણી ઠંડુ પડે. મન ઠંડુ પડે. વાત કરવાથી જ વાત પતી જાય. એથી સહેલો ઉપાય શો?

- ફાધર વાલેસ

આપણા છીંછરા રાજકારણે આપણને જ્ઞાતિભેદ, સંપ્રદાયભેદ, ભાષાભેદ જેવી અનેક ભેટો આપી છે અને કમનસીબે આપણે એને સ્વીકારી લીધી છે

રાષ્ટ્રની અસ્મિતાના પ્રહરી કોણ બનશે?

- હર્ષદ. પ્ર. શાહ

ભૂમિ અને જન મળે એટલે દેશ બને. ભૂમિ, જન અને સંસ્કૃતિ મળે એટલે રાષ્ટ્ર બને. સંસ્કૃતિ રાષ્ટ્રનો આત્મા છે. સંસ્કૃતિનો પ્રભાવ રાષ્ટ્રની અસ્મિતાની અનુભૂતિ ધરાવે છે. એક મકાન અને ઘર (પરિવાર) વચ્ચે જે ભેદ છે એવો જ ભેદ દેશ અને રાષ્ટ્ર વચ્ચે છે.

દરેક પરિવારનો એક સ્વભાવ હોય છે, વિશેષતા હોય છે. એ વિશેષતા એ પરિવારની ઓળખ બને છે. જ્ઞાન, સજ્જનતા, સત્યપ્રિયતા, પરિશ્રમ, સમાજનિષ્ઠા જેવા કેટલાક ગુણોથી પરિવાર ઓળખાય છે. જુદો તરી આવે છે. સ્વાભાવિક રીતે જ પરિવારની દરેક વ્યક્તિ એ ઓળખ મેળવે છે. લગ્નસંબંધો બાંધતી વખતે પણ લોકો પરિવારોને આ રીતે નાણી જુએ છે. પરિવારની પ્રતિષ્ઠાનો આધાર એના ઘટકો છે. પરિવારજનોના વ્યવહારથી પરિવારની છબી બને છે.

બરાબર આ જ પ્રક્રિયા રાષ્ટ્રને પણ લાગુ પડે છે. રાષ્ટ્ર પણ એક વિશાળ પરિવાર છે. રાષ્ટ્રની છબી... એની અસ્મિતાનો આધાર એના ઘટકોના વ્યવહાર પર છે.

રાષ્ટ્રજીવનનાં અનેકવિધ પાસાં છે - સામાજિક, આર્થિક, રાજનૈતિક, શૈક્ષણિક વગેરે. દરેક પાસાંનો સંતુલિત વિચાર અને વિકાસ થાય તો જ રાષ્ટ્રજીવન સ્વસ્થ અને સમૃધ્ધ બને. એકેયને અવગણના ન ચાલે. પણ એ બધી બાબતોનો વિચાર કોણ કરશે? રાષ્ટ્રના ઘટકોએ જ એનો વિચાર કરવો રહ્યો. બહારની આવીને કોઇ વિચાર કરશે નહીં, અને કરશે તો આપણા માટે નહીં, એમના માટે કરશે. કોઇ જાપાનીઝ, અમેરિકન કે જર્મન ભારતમાં વસીને ભારત માટે કામ કરશે એ વાતમાં તથ્ય નથી. માતાજી (પોંડીચેરી આશ્રમ) કે ભગિની નિવેદનિતા જેવા અપવાદ હોઇ શકે... કરોડોમાં એક.

રાષ્ટ્રના ઘટકોના વ્યવહારમાં રાષ્ટ્રભક્તિનાં દર્શન થાય, એમની વાણીમાંથી રાષ્ટ્રની સંસ્કૃતિનું ચિંતન રેલાય અને એમની પ્રત્યેક કૃતિમાંથી સંસ્કૃતિ પ્રતિબિંબિત થાય તો કહેવાય કે એ રાષ્ટ્રની અસ્મિતાના પ્રહરી છે, રખેવાળ છે.

એકવાર દિલ્હીમાં સાહિત્ય અકાદમીનું અધિવેશન મળ્યું હતું. એક સભ્યે પોતાના પરિચય આપ્યો - હું કન્નડ ભાષાનો કવિ છું. કોઇકે કહ્યું - હું મરાઠી ભાષાનો લેખક છું. કોઇકે કહ્યું - હું હિન્દી ભાષાનો કવિ છું. પરંતુ પરમ સારસ્વત શ્રી ઉમાશંકર જોશી બોલ્યા, 'હું ભારતનો કવિ છું અને ગુજરાતી ભાષામાં લખું છું.'

વાત નાની છતાં ખૂબ મોટી છે. શ્રી ઉમાશંકર જોશીની વાણીમાં રાષ્ટ્રચિંતન છે. ભાષાભેદ કે પ્રાંતભેદ આપણા બોલવામાં ભીલથીયે ન દેખાઇ જાય તેની કાળજી છે. આજે તો આપણા છીંછરા રાજકારણે આપણને જ્ઞાતિભેદ, સંપ્રદાયભેદ, ભાષાભેદ જેવી અનેક ભેટો આપી છે અને કમનસીબે આપણે એને સ્વીકારી લીધી છે.

આવાં અનેક જંતુ - વાઇર આપણા સમાજજીવનને પ્રદૂષિત કરી રહ્યાં છે. હવે આપણા સહદેવનું મૌન તોડવું પડશે. હવે આપણે અર્જુનની ગ્લાનિ - અકર્મણ્યતાનો ત્યાગ કરવો પડશે. પ્રજા તો આપણી શ્રવણ પ્રિય છે. સાંભળે છે ઘણું, આચરે છે થોડું. આ જાગૃતિનો અભાવ છે. અને તેથી ઝોકું આવી જાય છે અને પળ ચૂકી જવાય છે. જે પળે જાગવું જોઇએ તે પળે જ ઝોકું આવે છે.

એક શિલ્પી ત્રણ ઢીંગલી સાથે રાજાના દરબારમાં આવ્યો. ત્રણેય ઢીંગલીના રૂપ, રંગ ને આકાર એકસરખા હતા. શિલ્પીએ ધારદાર પ્રશ્ન પૂછ્યો, ''આમાંથી એક ઢીંગલીની કિંમત એક રૂપિયો, બીજીની કિંમત પાંચ રૂપિયા અને ત્રીજીની કિંમત પાંચસો રૂપિયા. નક્કી કરી આપો કે રૂપિયાવાળી ઢીંગલી કઇ, પાંચ રૂપિયાવાળી કઇ અને પાંચસો રૂપિયાવાળી કઇ?''

(અનુસંધાન પાના નં. ૬ પર)

આખા દિવસની દડમજલ કાપી, શ્રમીત સૂર્ય જાણે વહી ગયેલ ઉષાને આંબવા અને છેટુ ન પડી જાય એની ચિંતામાં, ઉતાવળે ઉતાવળે અસ્તાચળ ભણી ડગ માંડી રહ્યો હતો!

સમાચાર સેતુ

● રાબેતા મુજબ દર માસનાં બીજા રવિવારે અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભા તા. ૮-૭-૨૦૧૨ ના રોજ, વરસવાની ઉત્કંઠામાં - ઘટાટોપ ગોરંભાયેલ વાતાવરણમાં, સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ ખાતે, પ્રમુખ શ્રી દોલતભાઇ ભટ્ટનાં અધ્યક્ષસ્થાને અને મંત્રીશ્રી નટવર હેડાઉની ઉપસ્થિતિમાં સંપન્ન થઇ.

શબદની સંગિની મા શારદાની સ્તુતિવંદનાથી સભાનું મંગલાચરણ કરવામાં આવ્યું. સંસ્થાના કારોબારી સભ્ય શ્રી વિનોદચંદ્ર શાહના થયેલ દુઃખદ અવસાન બદલ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધા સુમન અર્પણ કર્યાં.

અધ્યક્ષશ્રીએ તેમનાં લાગણી ભર્યા વ્યક્તવ્યમાં હાજર સર્વેનું ઉષ્મા ભર્યું સ્વાગત કરી, જુલાઇ માસમાં જન્મદિન હતો. તેમને અભિનંદન સહ, જીવનની શુભવાંચ્છનાઓ પાઠવી. સમાજમાં વ્યાપેલ બદીઓ અને ફૂલીફાલી રહેલ વિકૃતિઓ તરફ અંગુલિ નિર્દેશ કરીને તેને અટકાવવા અને ડામવા માટે સમાજને સાચા રાહે દોરવા, માનવ મૂલ્ય આંકતા પ્રેરણાત્મક સાહિત્યનું સર્જન કરવા આહ્‌વાન કર્યું. જૂન માસની સભામાં નિયત કરાયેલ વિષયો -

(૧) સ્ત્રીભ્રૂણ હત્યા
(૨) દીકરીઓ પરના અત્યાચાર
(૩) નાના બાળકોની ઉઠાંતરી અને
(૪) વૃધ્ધોની વેદના - સંવેદના બાબતેની

લઘુકથાઓ રજૂ કરાય તે પહેલાં, લઘુકથા કોને કહેવાય અને કેવી હોવી જોઇએ તે બાબતે સમજૂતી આપી. ત્યાર બાદ ડો. સોમાભાઇ સી. પટેલ લઘુકથાનો એક નમૂનો મૌખિક રજૂ કર્યો. ત્યારબાદ સર્વશ્રી -

(૧) નટવર હેડાઉ "વનવિહારી"
(૨) ભરત પાઠક "નયન"
(૩) રમેશભાઇ પટેલ "ગીર"
(૪) મૂળજીભાઇ પરમાર "દધિ" અને
(૫) હરિભાઇ રાઠોડ "હરીશ" દ્વારા

તેઓની સ્વરચિત લઘુકથાઓનું પઠન કરવામાં આવ્યું, જો કે ઘણાં કિસ્સામાં "લઘુકથા"ને બદલે "ગુરૂકથા" થઇ ગઇ હતી, પરંતુ હાજર સર્વે એ આ કથાઓ મનભર માણી, શ્રી અશ્વિન પટેલે "અખંડાનંદ" માંથી લઘુકથા સંભળાવી.

આગામી સભામાં તા. ૧૨-૮-૨૦૧૨ ના રોજ "લઘુ નિબંધ" રજૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

● ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય અને દલિત સાહિત્યના પ્રખર હિમાયતી એવા કવિશ્રી અને નિવૃત્ત આઇ.એ.એસ. શ્રી પ્રવીણ ગઢવીની "ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી" નાં પ્રમુખપદે વરણી કરવામાં આવી છે, જે આપણા ગૌરવની વાત છે. તેઓશ્રીને દધિ છલકતાં - ખૂબ ખૂબ અભિનંદન.

હાસ્ય-તરંગ સેતુ

દાંત કાઢવાથી બોખા ન થવાય

- અશ્વિનકુમાર એસ. પટેલ

નારાયણ - ગાય અને ગોવાળ વચ્ચે શું તફાવત હોય છે?

યોગી - ગાય શુધ્ધ દૂધ આપે છે અને ગોવાળ દૂધમાં પાણી ભેળવીને આપે છે!

● ● ●

પરમાણંદ - લગ્ન એ પ્રેમ છે.

અરૂણ - પણ પ્રેમ આંધળો છે!

પરમાણંદ - તેથી લગ્ન એટલે આંધળાની સંસ્થા.

● ● ●

સીમા - અરે, સાંભળો છો? જો હું મરી જાવ, તો તમે શું કરશો?

પ્રશાંત - જે કરવું હોય તે કરીશ. પણ તું મને લલચાવ નહીં!

વાર્તા સેતુ

દિલેરી (વાર્તા)

- મૂળજીભાઇ પરમાર "દધિ"

આખા દિવસની દડમજલ કાપી, શ્રમીત સૂર્ય જાણે વહી ગયેલ ઉષાને આંબવા અને છેટુ ન પડી જાય એની ચિંતામાં, ઉતાવળે ઉતાવળે અસ્તાચળ ભણી ડગ માંડી રહ્યો હતો!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

આજે આખો વાસ હડકેઠઠ મળીને, સોમાભાને આંગણે સૌ ચિંતાતુર અને નિરાંશ વદને બેઠાં છે! જેને આપણે રિધ્ધિ-સિધ્ધિ આઠેય પહોર આળોટે છે, એવા સોમાભાને આડે હુવાણ નહોતું! તેમનું ચિત્ત ચગડોળે ચડ્યું હતું. એકનો એક દીકરો મરણ પથારીએ છેલ્લા શ્વાસે લઇ રહ્યો હતો!

સોમાભાનો એકનો એક દીકરો એટલે જગદીશ! લોકોના કહેવા પ્રમાણે તે ઘણો જ સમજદાર અને પ્રેમાળ વેરીને પણ વ્હાલો લાગે તેવો હતો. પરંતુ ન જાણે છેલ્લા એક વર્ષથી તેનું વર્તન સાવ બદલાઇ ગયું હતું. માનો તે પહેલાંનો જગદીશ રહ્યો નહોતો. એક વર્ષથી તે ખેતરમાંથી ઘણી વખત સાંજે પણ ઘેર ન આવતો અને રખડ્યા કરતો. ઘણી વખત મોડી રાત્રે કોઇને કોઇ તેને ઊંચકીને ઘેર મૂકવા આવે ત્યારે નશામાં ચકચૂર હોય! ધરતીમાથે પગ પણ ન ટકે! કાચની પૂતળી જેવી તેની પત્ની રૂપાળીની પાછળ તો ગાંડો હતો, પરંતુ હવે તે રૂપાળી સાથે પણ ભાગ્યે જ બોલતો. બે ચાર વાયકોમાં જ વાત પતાવીને ચાલ્યો જતો. તેનાથી દૂર ને દૂર જ રહેતો, જાણે પડછાયાથી પણ દૂર ભાગતો! પતિના આવા વર્તનથી તેની કોમળ કળીશી કાયા હવે મૂરઝાતી જતી હતી. તેની સંસાર નાવડી ખરાબે ચડી ગયેલી જણાતાં, તે હતાશ થઇ ગઇ હતી. તે બારશાખ ઝાલીને, મોડે સુધી પરણ્યાની રાહ જોતી, થાકીને પોતાના બે વર્ષમાં બાળુડાને ખોળામાં લઇ, ઓસરીમાં બેસી ઝૂર્યાં કરતી! સોમાભાથી આ દુઃખ સહેવાતું નહોતું. દીકરો ઘણો જ પ્રેમાળ અને સમજણો હતો, પરંતુ આમ થવાનું કારણ સમજાતું નહોતું! મનમાં થયાં કરતું "દીકરે મારો દી ઉઠાડ્યો! મારૂં નામ બોળ્યું!" આમ ચિંતાનો કાતિલ કીડો વ્યતિત થતાં, છેલ્લા અઠવાડિયાથી જગદીશ ખાટલે પડ્યો હતો અને સાંજે મંદવાડ એકદમ વધી ગયો હતો; પરંતુ તેની આંખો તો ઇંત્તેજાર ભરી બારણા સામે મંડાયેલી હતી, જાણે કોઇની રાહ ન જોતી હોય!

મોં સૂઝણું થતાં, રાત્રીએ ઉચાળા ભર્યાં અને આથમણી કોર સૂરજદારો મ્લાન વદને ડોકીયું કરી રહ્યાં, ત્યાં જ સોમાભાને ત્યાં "મરણપોક" મુકાઇ! સૌ આંખો ચોળતાં ત્યાં પહોંચ્યા. એટલામાં તો હૉસ્પિટલની એમ્બ્યુલન્સ આવીને આંગણે ઊભી રહી; સૌ અવાક્ બની ગયાં!

ટ યાં એમ્બ્યુલન્સમાંથી ડોકટર અને એક નર્સ નીચે ઊતર્યાં. જોયું તો સર્વેના મુખ પર ખામોશી અને શોકભરી ગ્લાનિ છવાયેલી હતી! તેમને સમજતાં વાર ન લાગી કે, કંઇક અણહોતું બની ગયું છે! ડોકટર ટોળામાંથી એક જણને બાજુમાં બોલાવી પૂછતાં, જાણવા મળ્યું કે, સોમાભાનો દીકરો જગદીશ પાછો થયો છે!

ડોકટરને પણ આંચકો લાગ્યો! સોમાભાને બોલાવી દિલાસો આપતાં જણાવ્યું : "જગદીશ છેલ્લા એક વર્ષથી એઇડ્ઝમાં સપડાયો હતો અને તેની દવા ચાલતી હતી. છેલ્લા એકમાસથી દવા લેવા ન આવતાં અને તેની પત્ની અને પુત્રના એકમાસ પહેલાં લીધેલ લોહીના નમૂનાનો રીપોર્ટ આપવા..." ડોકટર વાક્ય પૂરું કરે ત્યાં જ, સોમાભાને આંખે અંધારાં આવી ગયાં, તમ્મર આવી જતાં ધરતી ફાટતી લાગી! બેભાન થઇને પડે તે પહેલાં સમયસૂચકતાં વાપરી, ડોકટર ટેકો આપી નીચે બેસાડ્યાં.

થોડીવારમાં કળ વળતાં, સોમાભા ભાનમાં આવતાં ડોકટર બોલ્યા : "રૂપાળીબેન તથા તેમના દીકરાને એઇડ્ઝનાં કોઇ લક્ષણો નથી... રીપોર્ટ 'નીલ' છે."

સોમાભાને એ ન સમજાયું કે દુઃખી થઇને રડવું કે રાજી થઇને હસવું! પરંતુ મનોમન સ્વગત બબડ્યા : "દીકરા! ધન્ય છે તારી દિલેરીને! તું ગયો પણ મારૂં મોત સુધારતો ગયો! પારકી જણીને એઇડ્ઝના કરાલ પંજામાં સપડાઇતી તેં બચાવી અને દોઝખમાંથી ઉગારી!"

સર્વે નતમસ્તકે ફાટી આંખો તાકી રહ્યાં!

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૪મી જુલાઇ

● 'હું શાણીને શકરાભાઇ' કોલમથી ખ્યાતનામ હાસ્ય લેખક, ડો. મધુસૂદન પારેખનો

જન્મ ૧૪-૭-૧૯૨૩. ગુજરાતના અગ્રીમ હરોળનાં ગણનાપાત્ર હાસ્યલેખક શ્રી પ્રિયદર્શી લોકપ્રિય રહ્યાં છે.

બાલ સાહિત્યક્ષેત્રે વેતાળપચીસી, સિંહાસન બત્રીસી, બાર પૂતળીની વાતો, બીરબલ, વિનોદ ચાતુરી, કથામાળા ઉપરાંત, ભજવી શકાય તેવા એકાંકીના સર્જક.

● ૧૯૧૭ - રશિયાથી ફિનલેન્ડ સ્વતંત્ર થયું.

● દુનિયાને ઉપયોગી શોધ આપનારા - રાસાયણિક શાસ્ત્રનાં જ્ઞાતા વિલિયમ હેન્રી પાર્કીંગનું અવસાન - ૧૯૬૩.

● આચાર્ય શિવાનંદનું અવસાન - ૧૯૬૩.

● ૧૧૬૫માં કૃષ્ણાનંદીનાં



પટ્ટમાંથી તે વખતનાં કોલ્હાપુર રાજયમાંથી વિશ્વવિખ્યાત કોહીનૂર હીરો મળી આવ્યો ૧૪-૭-૧૧૬૫.